જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૦/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૮૮૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧							
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત							
અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૦૬	૧	૧૧૭૦૭	૧૭૮૧૭	૧	૧૭૮૧૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૬	૦	૧૧૬	૩૯૩	૦	૩૯૩
૪	**Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ**	૭૨૪૮૯	૪૪	૭૨૫૩૩	૭૩૫૨૧	૪૬	૭૩૫૬૭
કુલ		૮૯૦૪૪	૪૫	૮૯૦૮૯	૯૮૦૧૩	૪૭	૯૮૦૬૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૯	૨,૮૯,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૦૦	૪,૦૦,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

પાલડી પોલીસ સ્ટેશન :

અમદાવાદ શહેર વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓમાં સંડોવાયેલ ઇસમની “પાસા” હેઠળ અટકાયત કરતી પાલડી પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર- ૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “એન” ડિવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મિલ્કત સબંધી ગુન્હાઓ અટકાવવા સારૂ તેમજ આવા બનાવોમાં પકડાયેલા આરોપી વિરૂધ્ધ અટકાયતી પગલાં લેવા તેમજ આવા પ્રકારની પ્રવૃત્તિ સદંતર નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેર વિસ્તારના મિલ્કત સબંધી ગુનામાં પકડાયેલ ઈસમ વિરૂધ્ધમાં ગુનાઓ એકત્ર કરી કરાવી મિલ્કત સંબંધી ગુનામાં પકડાયેલ નીચે જણાવેલ ઈસમ નાઓ વિરૂધ્ધમાં અત્રેથી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓને પાઠવી મે. પોલીસ કમીશ્નરની કચેરીના પાસા હુકમ નં ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૫૫૯/૨૦૨૧ તા.૧૫/૧૦/૨૦૨૧ ના રોજ અધિક્ષક શ્રી ખાસ જેલ પાલારા ભુજ ખાતે સદર ઈસમને પાસા અટકાયતમાં લેવાનો હુકમ કરેલ હોય જેથી સદરી ઈસમને તા.૧૫/૧૦/૨૦૨૧ ના કલાક ૨૩/૫૫ વાગે ઉપરોક્ત “પાસા” હુકમની બજવણી કરી સદર ઈસમને યોગ્ય કેદી જાપ્તા સાથે અધિક્ષક શ્રી ખાસ જેલ પાલારા ભુજ ખાતે પાસા અટકાયતમાં મોકલી આપવા તજવીજ કરેલ છે.

આરોપી

ચાંદખાન ઉર્ફે ચાંદીયો બિસ્મીલાખાન પઠાણ ઉ.વ- ૩૬ રહે, ૨૮૩૪, બેલ દરવાડ બાય સેન્ટર શાહપુર અમદાવાદ શહેર હાલ રહે, હેમાબેન વાઘેલાના મકાનમાં ગાંધીવાસ ચાંદખેડા અમદાવાદ શહેર



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૮૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૬૧૮ લીટર દેશી દારૂ, ૪૩૦ બિયરટીન, ૦૧ કાર અને ૦૧ છોટા હાથી ગાડી કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૩૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૮૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૦ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૮૮૫/૨૦૨૧**

નવરંગપુરાઃ મનિષ રાજારામ જળગાંવકર (ઉ.વ.૫૩) (રહે. આતેષ સોસાયટી ઉમાસુતનગર પાસે વસ્ત્રાપુર સ્ટેશન રોડ વેજલપુર) એ તા.૧૫/૧૦/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૯/૨૦૨૧ નારોજ મોબાઈલ નંબર ૭૮૬૭૮૫૨૬૪૩ ના ધારકે પોતાનુ નામ એંજેલીયા હોવાનુ જણાવી એમેઝોન ઈન્ડીયા મલ્ટીનેશનલ કંપનીમાંથી કર્મચારી હોવાની ઓળખ આપી હતી. ત્યારબાદ તેઓની કંપનીની પ્રોડક્ટના ટાસ્ક પુરા કરશો તો કંપની તરફથી કમિશન આપવામાં આવશે તેમ કહેતા મનિષ જળગાંવકરએ ઉત્સુકતા જણાવતા તેઓએ એક ટેલીગ્રામ એકાઉન્ટની લિન્ક https://t.me/amz2233 મોકલાવેલ જે લિન્ક ખોલતા તેમાં Komal-Amazon લખાય આવેલ ત્યારબાદ આ કોમલબેને પહેલા પ્રોડક્ટના ત્રણ ટાસ્ક આપેલ જેના પૈસા તેઓના ખાતામાં જમા કરાવતા તેઓએ તુરંત જ આ ત્રણ ટાસ્ક પુરા કરવા બદલ કમિશન સાથે રૂપિયા મોકલી આપેલ જેથી મનિષ જલગાંવકરે આ કોમલબેન પર વિશ્વાસ આવેલ ત્યારબાદ આ કોમલબેને બીજા આઠ ટાસ્ક પુરા કરવા જણાવેલ જે ટાસ્કમાંથી સાત ટાસ્ક પેટે મનિષ જલગાંવકરે કુલ રૂપિયા ૧,૩૬,૦૫૦/- ચુકવી આપ્યા હતા. ત્યારબાદ કમિશન કે ભરેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જે.ચુડાસમા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૮૮૬/૨૦૨૧**

સાબરમતીઃ ગીરીશભાઇ ડાહ્યાભાઇ પરમાર (રહે. નંદાનગર હાઉસીંગ સરદારનગર ટાવરની બાજુમાં ચેનપુરગામ સાબરમતી) એ તા.૧૫/૧૦/૨૦૨૧ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૦/૨૦૨૧ સાંજના ૬/૦૦ થી તા.૧૫/૧૦/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૯૫,૦૦૦ અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.દેસાઇ ચલાવે છે.

ઓઢવઃ હર્ષદભાઇ હીમતાજી પ્રજાપતિ (રહે. મીરીયોટ હાઇટ કાનબા હોસ્પીટલની બાજુમાં નિકોલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૨૦૨૧ રાતના ૯/૩૦ થી તા.૧૫/૧૦/૨૦૨૧ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ કડીયાનાકા મુરલીધર સોસાયટી પાસે "શિવ શક્તિ પ્રોવીઝન સ્ટોર્સ" નામની દુકાનના છતના ભાગે સિમેંટનુ પતરૂં તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી અલગ-અલગ લીટરના તેલના ડબ્બા, ચોખ્ખાના કટ્ટા, કાજુ-બદામના પેકેટ, વાઘબકરી ચા ના પેકેટ મળી માલ-સામાનની કુલ કિમત રૂપિયા ૯૩,૧૦૦/- અને રોકડ રૂપિયા ૬૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૯,૧૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

ભુલથી ઝેરી દવા પી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૮૮૭/૨૦૨૧

શાહપુરઃ નિશાબહેન મહેશભાઇ દંતાણી (ઉ.વ.૧૭) (રહે. જોગણીમાતાની ચાલી શંકરભુવનનાં છાપરાં શાહપુર) ને શરદી ખાસી થયેલ હોઈ તા.૧૪/૧૦/૨૦૨૧ ના રોજ પોતાના ઘરમાં પડેલ કફ સીરપની બોટલ સમજી ઝેરી દવાની બોટલમાંથી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૧૦/૨૦૨૧ સવારના ૫/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ડી.સોલંકી ચલાવે છે.

ચોથા માળથી પડી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૮૮૮/૨૦૨૧

નિકોલઃ નિકોલ રાજા-રાણી પાર્ટી પ્લોટ સામે તિરૂપતિ રેસીડેન્સી નવી કંસ્ટર્કશંસ સાઈટ પર રહેતા અને ત્યા જ મજુરી કામ કરતા વિપુલભાઈ રાજુભાઈ ડામોર (ઉ.વ.૧૯) (મુળ વતન. ગામ-અંબાડા,તાલુકો-ચીખલી,જીલ્લો-ડુંગરપુર રાજસ્થાન)તા.૧૫/૧૦/૨૦૨૧ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે સાઈટના ચોથા માળે આરસીસી બિંબનું કામ કરતા હતા ત્યારે નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સ્ટાર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ૫/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ રણછોડભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૮૮૯/૨૦૨૧

રાણીપઃ અબ્દુલખુદુસ અબ્દુલમલીક સૈયદ (ઉ.વ.૨૧) (રહે.મદ્રાસીની ચાલી સરળ એપાર્ટમેન્ટની બાજુમાં કેશવનગર સુભાષબ્રીજ) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૦/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડોક્ટરીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કાનજીભાઇ કમલેશભાઇ ચલાવે છે.

કૃષ્ણનગરઃ મધુકરરાવ તુકારામ ગવઇ (ઉ.વ.૭૦) (રહે. કલ્યાણ કોલોની બજરંગ આશ્રમ સામે ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૦/૨૦૨૧ કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની રેલીંગ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

બાપુનગરઃ અનિલભાઈ નટવરભાઈ ડાભી (ઉ.વ.૩૬) (રહે. સત્યમ ફ્લેટ મોહનનગર સામે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૦/૨૦૨૧ કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના ત્રીજા માળેથી પડતુ મુકતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.શેઠ ચલાવે છે.

નિકોલઃ રામુભાઇ રાયમલભાઇ પટણી (ઉ.વ.૨૪) (રહે. પંચવટીના છાપરા મંગળપાંડે હોલ સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૦/૨૦૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૧૦/૨૦૨૧ રાતના ૧૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.હે.કો.ગીતાબા અનિરુધ્ધસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.